**દિવસ બાદ ફક્ત સસ્પેન્ડની કાર્યવાહી કરી તંત્રએ સંતોષ માની લીધો**

# K-40 દુકાન કૌભાંડમાં 10 દિવસ બાદ પણ ગુનો નથી નોંધાયો

**પીબીએમ** હેઠળ છેલ્લાં પાંચ વર્ષથી બ્લેક માર્કેટિંગ માફિયાઓ સામે કેમ કાર્યવાહી નથી થઈ

સુરતઃ શહેરની K-40 દુકાન પર કૌભાંડ પકડાયાને દસ દિવસ વીતી ગયા હોવા છતાં હજી સુધી ફક્ત સસ્પેન્ડ કરવાની કાર્યવાહી સુધી જ મામલો સીમિત રહ્યો છે. પોલીસ ફરિયાદ નોંધવામાં થતો વિલંબ અને પુરવઠા તંત્રની કામગીરીને લઈને અનેક સવાલો ઊભા થયા છે.

સ્થાનિક સૂત્રોના જણાવ્યા મુજબ, અગાઉ આ જ દુકાન ચાર્જમાં ચાલતી હતી ત્યારે પણ ષડયંત્ર રચી કૌભાંડ આચરાયું હોવાની ઘટના સામે આવી હતી. તે સમયે દુકાનના લાયસન્સ હોલ્ડરે પોતાની વગ વાપરવાનો પ્રયાસ કર્યો હોવા છતાં 48 કલાકની અંદર સિંગણપોર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો.

આ વખતે કોઈક કારણોસર 10 દિવસ બાદ પણ FIR નોંધવામાં વિલંબ થતો હોવાને કારણે શંકાઓ ઊભી થઈ રહી છે.

ઝોનલ અધિકારીઓ દ્વારા કરવામાં આવેલી પ્રાથમિક તપાસમાં રાહુલ નામના ઇસમની કોઈ સંડોવણી ન હોવાનું બહાર આવ્યું હોવાનું કહેવાય છે. છતાં પણ કૌભાંડ માટે જવાબદાર કોણ છે અને મુખ્ય સૂત્રધાર સુધી તંત્ર કેમ પહોંચતું નથી તે પ્રશ્ન યથાવત્ છે. હાલમાં ફક્ત સસ્પેન્શનની કાર્યવાહીથી મામલો થંભી જવાનો સંકેત મળી રહ્યો છે. પરંતુ કૌભાંડની ગંભીરતા જોતા ફોજદારી ગુનો નોંધાવી કડક કાર્યવાહી થવી જરૂરી છે એવી માંગ ઊઠી રહી છે.

### ઉચ્ચ અધિકારીઓએ પ્રકાશ ઉપર તપાસનો પ્રકાશ પાડવો જોઈએ

સ્થાનિક સ્તરે પ્રકાશ નામનો વ્યક્તિ પુરવઠાના ઉચ્ચ અધિકારી સાથે 'સેટિંગ'હોવાના બણગાં મારતો હોવાની ચર્ચા છે. જો આવા દાવા સત્ય હોય તો સમગ્ર મામલાની નિષ્પક્ષ તપાસ જરૂરી બની જાય છે. પ્રકાશ કોણ છે? તેની ભૂમિકા શું છે? અને શું ખરેખર અધિકારીઓ સાથે કોઈ સાંઠગાંઠ છે? તે મુદ્દે પણ સત્તાવાર સ્પષ્ટતા થઈ નથી.

### પીબીએમ હેઠળ કાર્યવાહી કેમ નથી?

આ મામલે વધુ ચોંકાવનારી બાબત એ છે કે છેલ્લા પાંચ વર્ષથી પીબીએમ (પ્રિવેન્શન ઓફ બ્લેક માર્કેટિંગ) હેઠળ શહેરમાં બ્લેક માર્કેટિંગ માફિયાઓ સામે કોઈ મોટી કાર્યવાહી નોંધાઈ નથી. પુરવઠા વિભાગ પાસે સત્તા હોવા છતાં પગલાં કેમ લેવામાં નથી આવતા? શું રાજકીય કે પ્રશાસનિક દબાણ કામ કરી રહ્યું છે? કે પછી તંત્રની અંદર જ કોઈ ગૂંચવણ છે? તે પણ ચર્ચાનો વિષય બન્યો છે.

# ઉધનામાં સામસામે જોવાની બોલાચાલીમાં શ્રમિક યુવકની હત્યા

**ગણતરીના** કલાકોમાં આરોપી હથિયાર સાથે ઝડપાયો

**સુરતમાં** નાની નાની બાબતે અંગત ઝઘડામાં થતી હત્યાનો સિલસિલો યથાવત

સુરતઃ ઉધના બી.આર.સી વિસ્તારમાં આવેલા પ્રભુનગરમાં ગુરુવારે બપોરે ધોળે દિવસે એક શ્રમિક યુવકની ચપ્પુના ઘા મારી હત્યા કરાયાની ઘટના સામે આવતા સ્થાનિક પોલીસ દોડતી થઈ ગઈ હતી.

મળતી માહિતી મુજબ ઉત્તર પ્રદેશના ભદોહી જિલ્લાનો મૂળ વતની અને હાલ ઉધના બી.આર.સી ખાતે ઠાકોર નગર, પ્લોટ નંબર 132/33માં ભાડે રહેતા દિનેશકુમાર નવરત્ન પ્રજાપતિ (ઉં.વ. 25) પત્ની સરિતાદેવી અને બે સંતાન સાથે છેલ્લા એક મહિનાથી વસવાટ કરતા હતા. દિનેશ નજીક આવેલી રામકૃષ્ણા ઈન્ડસ્ટ્રીઝમાં પ્લાસ્ટિકની ભૂંગળી બનાવવાના કારખાનામાં કામ કરતા હતા. ગુરુવારે સવારે અંદાજે 11 થી 12 વાગ્યાના સમયગાળામાં દિનેશ અને પ્રભુનગરમાં પ્લોટ નંબર 4-5માં રહેતા શિવ કરન બિંદા વચ્ચે સામસામે જોવાની બાબતે બોલાચાલી શરૂ થઈ હતી. સાદી નજરે જોવાની બાબતે થયેલી તીવ્ર બોલાચાલી ગાળાગાળી અને ધક્કામુક્કીમાં ફેરવાઈ હતી. ત્યારબાદ બંને વચ્ચેનો ઝઘડો પ્રભુનગર મકાન નંબર 217ની ગલીમાં આવેલી અરવિંદભાઈની કરિણાની ચાલ સુધી પહોંચ્યો હતો. આરોપી શિવ બિંદાએ ઉશ્કેરાઈ જઈ દિનેશ પર ચપ્પુ વડે બે ઘા ઝીંક્યા હતા. ગંભીર રીતે ઘાયલ દિનેશ લોહીલુહાણ હાલતમાં ઢળી પડ્યા હતા. આસપાસના લોકોએ તાત્કાલિક તેમને સારવાર અર્થે નવી સિવિલ હોસ્પિટલ ખસેડ્યા હતા, જ્યાં હાજર તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. ઘટનાની જાણ થતાં ઉધના પોલીસ દોડી આવી હતી. મૃતકની પત્ની સરિતાદેવી પ્રજાપતિની ફરિયાદના આધારે પોલીસે હત્યાનો ગુનો નોંધી ગણતરીના કલાકોમાં આરોપી શિવ બિંદાને હથિયાર સાથે ઝડપી લીધો હતો. પોલીસે આરોપી પાસેથી ચપ્પુ કબજે કરી વધુ પૂછપરછ હાથ ધરી છે

# મંત્રી-MLAનું માન નહીં જાળવતા અધિકારી સામે કાર્યવાહી થશે

**સરકારી** બાબુઓ ગાંઠતા ન હોવાની ફરિયાદો ઊઠ્યા બાદ સરકારે પરિપત્ર કરવો પડ્યો

ગાંધીનગર : ગુજરાતમાં છેલ્લા કેટલાક સમયથી મંત્રીઓ અને ધારાસભ્યોને સરકારી અધિકારીઓ ગાંઠતા ન હોવાની અને જિલ્લાના પ્રવાસ દરમિયાન માન સન્માન ન જળવાતું હોવાની ફરિયાદો ઉઠી હતી. સરકારે આ બાબતને ગંભીરતાથી લઈ લેખિત પરિપત્ર કર્યો છે. પરિપત્રની સૂચનાઓનો ભંગ કરનાર સામે શિસ્તભંગની કાર્યવાહી કરવાનો પણ ઉલ્લેખ કરાયો છે.

રાજ્યમાં લોકપ્રતિનિધિઓના માન-સન્માન અંગે ઉઠતી ફરિયાદોને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે કડક વલણ અપનાવ્યું છે. સામાન્ય વહીવટ વિભાગ દ્વારા પરિપત્ર જાહેર કરી તમામ સરકારી અધિકારીઓ અને કર્મચારીઓને સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે તેઓ સાંસદ, મંત્રી અને ધારાસભ્યો સહિતના લોકપ્રતિનિધિઓ સાથે વિવેકપૂર્ણ અને સન્માનજનક વર્તન રાખે.સરકારને મળતી રજૂઆતોમાં લોકપ્રતિનિધિઓ સાથે યોગ્ય વ્યવહાર ન થતો હોવાની બાબતો સામે આવતા આ નિર્ણય લેવાયો હોવાનું જાણવા મળે છે. સરકારે ચેતવણી આપી છે કે જો કોઈ અધિકારી અથવા કર્મચારી દ્વારા આ સૂચનાઓનું ઉલ્લંઘન થશે તો તેમના સામે શિસ્તભંગની કાર્યવાહી કરવામાં આવશે. આ પગલું પ્રશાસનમાં પારદર્શિતા અને સમન્વય વધારવા માટે મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે. રાજકીય વર્તુળોમાં આ પરિપત્રને પ્રજાના હિતમાં લેવાયેલો નિર્ણય ગણાવવામાં આવી રહ્યો છે. લોકપ્રતિનિધિઓ અને વહીવટી તંત્ર વચ્ચે સુમેળ જળવાશે તો પ્રજાના પ્રશ્નોનો ઉકેલ વધુ ઝડપથી આવી શકશે એવી આશા વ્યક્ત થઈ રહી છે.રાજ્ય સરકારના આ પરિપત્ર બાદ હવે તમામ કચેરીઓમાં તેના અમલ પર નજર રાખવામાં આવશે.

### આ સૂચનાઓ આપવામાં આવી

(1) જિલ્લા પ્રભારી મંત્રીને કાર્યક્રમોની જાણ કર્યા વગર આયોજન કરી શકાશે નહીં
(2) સાંસદ અથવા ધારાસભ્યને રાહ ન જોવડાવી તાત્કાલિક મુલાકાત આપવી
(3) સરકારી કાર્યક્રમોના આમંત્રણ અને મંચ વ્યવસ્થામાં જનપ્રતિનિધિઓને પ્રોટોકોલ પ્રમાણે સમાવવા

વડોદરા જિલ્લાના પાંચ ધારાસભ્યોએ 2 મહિના પહેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર લખીને અધિકારીઓ કામ ન કરતા હોવાની ફરિયાદ કરી હતી. તેમજ અધિકારીઓની માનસિકતા સામે જ અનેક સવાલો ઉઠાવ્યા હતા. ધારાસભ્ય કેતન ઈનામદાર,અક્ષય પટેલ, શૈલેષ મહેતા, ચૈતન્યસિંહ ઝાલા અને ધર્મેન્દ્રસિંહ વાઘેલા દ્વારા લખાયેલા આ પત્રમાં 'વંદે માતરમ્'થી શરૂઆત કરી અધિકારીઓની ટીકા કરી હતી. ઉલ્લેખીનય છે કે આ પહેલાં 2017ની વિધાનસભા ચૂંટણી બાદ ત્રણ ધારાસભ્યોએ સર્કિટ હાઉસ પર બેઠક બોલાવી કામ થતાં ન હોવાનો બળાપો કાઢ્યો હતો. ગુજરાત વિધાનસભાની કુલ 182 સીટમાંથી 162 ભાજપના નામે છે. ભાજપનો ગઢ અને પ્રયોગશાળા ગણાતા ગુજરાતમાં છેલ્લા કેટલાક સમયથી ભાજપના ધારાસભ્યો લોકોની નારાજગીનો ભોગ બની રહ્યા છે. જેનું કારણ જાણવા છ મહિના પહેલા ભાસ્કરે ભાજપના 150 જેટલા ધારાસભ્યનો ટેલિફોનિક સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો. જેમાંથી 101 ધારાસભ્યએ દિવ્ય ભાસ્કરના સરવેમાં ભાગ લીધો અને સવાલોનો જવાબ આપ્યો. જેમાં દર પાંચમા ધારાસભ્યએ સ્વીકાર કર્યો હતો કે, 'અધિકારીઓ અમારું સાંભળતા નથી'

# હજીરામાં 5000 કામદારો પ્લાન્ટનું કામકાજ અટકાવી તોફાને ચઢયા હતા

**એન્ટ્રી**-એક્ઝિટ ગેટ પર સૌથી વધુ તોડફોડ કરવામાં આવી

સુરતઃ શ્રમિકોનો ગુસ્સો એટલી હદે વકર્યો હતો કે તેમણે કંપનીની મિલકતોને નિશાન બનાવવાનું શરૂ કર્યું હતું. આ હિંસક વિરોધપ્રદર્શન દરમિયાન કંપનીની ત્રણ ફાયર ફાઈટર ગાડીઓમાં તોડફોડ કરી એને ભારે નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું. એટલું જ નહીં, ઉશ્કેરાયેલા ટોળાએ ચાર જેટલી બાઈકને આગને હવાલે કરી દીધી હતી. પ્લાન્ટના સુરક્ષા કવચ સમાન એન્ટ્રી અને એક્ઝિટ ગેટ પર પણ હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં પ્રવેશ માટેનાં અત્યાધુનિક મશીનોને તોડીને કચડી નાખવામાં આવ્યાં હતાં. એન્ટ્રી-એક્ઝિટ ગેટ પર મશીનો,પંખા,ટેબલ અને ફોર વ્હીલર ગાડીઓમાં આગચંપી કરી હતી.

### પહેલા સિક્યોરિટીએ હુમલો કરતાં કામદારો ઉશ્કેરાયા

રવિ અને સિકંદર નામના કામદારે જણાવ્યું કે સવારે રેલી કાઢવામાં આવી હતી. આ લોકોએ પોતાની માગણીઓ સાથે રેલી કાઢી હતી. ઓફિસેથી લઈને ગેટ સુધી બધા ભેગા થયા હતા.સિક્યોરિટીવાળાએ કહ્યું કે તમે શાંતિથી બેસી જાઓ, પણ આ લોકોએ કહ્યું કે અમારી માગણીઓ પૂરી કરો તો અમે કામ કરવા તૈયાર છીએ. એવામાં સિક્યોરિટી ગાર્ડ કે જે પણ અહીં હતા તેમની તરફથી હુમલો થયો. તેથી લોકો ઉશ્કેરાઈ ગયા અને તોડફોડ થઈ હતી.

### L&Tએ મામલો ગુજરાત સરકાર પર ઢોળ્યો

આ મુદ્દે Larsen & Toubro (L&T) દ્વારા પણ લેખિત નિવેદન જાહેર કરવામાં આવ્યું છે. કંપનીએ જણાવ્યું કે ગુજરાત સરકાર લેબર કોડનું નોટિફિકેશન જાહેર કરશે ત્યારબાદ તે નિયમોનો તાત્કાલિક અમલ કરવામાં આવશે.કંપનીના ઉચ્ચ અધિકારીઓએ શ્રમિકોને સમજાવવાનો પ્રયાસ કર્યો.

### હજીરામાં કામદારોના તોફાનમાં કોંગ્રેસ સરકાર સમક્ષ રજૂઆતો કરશે: હરીશ સૂર્યવંશી



સુરતઃ સુરત શહેર કોંગ્રેસના ઉપાધ્યક્ષ હરીશકુમાર સૂર્યવંશીએ એક સત્તાવાર નિવેદનમાં જણાવ્યું હતું કે કામદારોનો ગુસ્સો લાંબા સમયથી ચાલી રહેલા શોષણનું પરિણામ છે. તેમણે જાહેરાત કરી હતી કે ધારાસભ્ય ડૉ. તુષારભાઈ ચૌધરી દ્વારા ગુજરાત વિધાનસભામાં આ મુદ્દો ઉઠાવવામાં આવશે. કોંગ્રેસ પક્ષ કામદારોની માંગણીઓને રાજ્ય સરકાર સમક્ષ મજબૂતીથી રજૂ કરશે જેથી તેમને ન્યાય મળી શકે. કોંગ્રેસ નેતા હરીશકુમાર સૂર્યવંશીએ મોટી કંપનીઓમાં પ્રવર્તતી 'કોન્ટ્રાક્ટ સિસ્ટમ'ની આકરી ટીકા કરી. તેમણે કહ્યું કે મોટી કંપનીઓના કોન્ટ્રાક્ટરો ખુલ્લેઆમ શ્રમ કાયદાઓનું ઉલ્લંઘન કરી રહ્યા છે. હરીશ સૂર્યવંશીએ પોલીસ વહીવટીતંત્ર પાસે માંગ કરી છે કે કામદારો સામે કાર્યવાહી પર પ્રતિબંધ મૂકવો.

# રમઝાનમાં ડ્રાયફ્રુટ બજારમાં ફુલ તેજી

**કશ્મીરી** કેસર અને તૈયાર કતરીની માંગ ઊંચી



સુરતઃ પવિત્ર રમઝાન મહિનામાં શહેરમાં ધાર્મિક માહોલ છવાઈ ગયો છે. આ સમગ્ર મહિના દરમિયાન મુસ્લિમ બિરાદરો રોજા રાખે છે અને સાંજે ઈફ્તાર દ્વારા ઉપવાસ ખોલે છે. રમઝાનની શરૂઆત સાથે જ શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલા ડ્રાયફ્રુટ બજારોમાં ખરીદીનો માહોલ જામ્યો છે.

ખાસ કરીને રાંદેર, ઝાંપાબજાર, સૈયદપુરા અને ચોકબજાર જેવા વિસ્તારોમાં દુકાનો પર ગ્રાહકોની ભારે ભીડ જોવા મળી રહી છે. ચૌટા પુલ વિસ્તારમાં છઠ્ઠી પેઢીનાં વેપારી નેવીલ દોરાબજી દારૂવાળાનાં જણાવ્યા અનુસાર રમજાન મહિનામાં ગ્રાહકો આખા મહિનાનો ડ્રાયફ્રુટનો સ્ટોક કરી રાખે છે અને બજારમાં પણ એક અઠવાડીયા પહેલાં ગ્રાહકીનો દોર જામે છે. આ વખતે તમામ ડ્રાયફ્રુટ જેવા કે, બદામ, પિસ્તા, ચારોળી, ખસખસ, એલચી, લાલ દ્રાક્ષ (કિશમિશ) કાજુનાં ભાવમાં કોઈ પણ પ્રકારનો વધારો થયો નથી પરંતુ, વેચાણમાં નોંધપાત્ર વધારો નોંધાયો છે.

ઈફ્તારમાં આ તમામ પ્રકારનાં ડ્રાયફ્રુટનો ખાસ ઉપયોગ થાય છે. રોજા ખોલતી વખતે ખજૂર ખાવાની પરંપરા હોવાને કારણે ખજૂરની માંગ સૌથી વધુ રહે છે. ઉપરાંત વિવિધ શરબત, ફળ અને મીઠાઈ સાથે ડ્રાયફ્રુટનો સમાવેશ કરવામાં આવે છે, જેના કારણે બજારમાં "ફૂલ ગુલાબી તેજી"નો માહોલ જોવા મળી રહ્યો છે.

### આખા અને કતરી ડ્રાયફ્રૂટનો ભાવ (કિલોમાં)

આખી બદામ રૂ. 1300 - કતરી- રૂ. 1300
આખા પિસ્તા રૂ. 2400 - કતરી રૂ. 1600
આખા કાજુ રૂ. 1400 - ટુકડા રૂ. 1800
ચારોળી- રૂ. 2800
ઈરાની કિશમિશ અને ચમન દ્રાક્ષ રૂ. 800
કશ્મીરી કેસર- રૂ. 280 (એક ગ્રામ)



### કશ્મીરી કેસર મોંઘું છતં તેની ખૂબ જ માંગ

રમજાન મહિનામાં ડ્રાયફ્રુટની સાથે દૂધ તથા તેમાંથી બનાવાતી વિવિધ વાનગીઓ જેવી કે, ફાલુદા, સૈવૈયા તથા શિરકુરમા જેવી વાનગીમાં કેસરનો ઉપયોગ બહોળા પ્રમાણમાં કરવામાં આવે છે. જેમાં ખાસ કરીને કશ્મીરી કેસરની ડિમાન્ડ ગ્રાહકો ખૂબ જ કરે છે. 1 ગ્રામનાં આ કેસરની કિમત 280 રૂપિયા છે, આમ છતાં ગ્રાહકો તેની ખરીદી ધૂમ કરતાં હોવાથી કેસરની ખરીદીમાં પણ તેજી નીકળી છે.

### બદામ, પિસ્તાની કતરી હવે તૈયાર મળે છે

આખા ડ્રાયફ્રૂટની સાથે હવે બદામ, પિસ્તાની કતરી અને તેની સાથે કાજુનાં ટુકડાનુ પણ વેચાણ ધૂમ પ્રમાણમાં થાય છે. પહેલાં આખા ડ્રાયફ્રૂટ લોકો ખરીદતા હતા, હવે બદલાતા સમયની સાથે તૈયાર બદામ, પિસ્તાની કતરીની સાથે કાજુનાં ટુકડા પણ મળી રહ્યાં છે.

# સાત વર્ષની બાળકીની જાતીય સતામણીમાં યુવકને ૧૦ વર્ષની સજા

**ભોગ** બનનાર બાળકીને ૧ લાખ વળતર ચૂકવવા પણ હુકમ

**ઓલપાડ** ખાતે માત્ર સાત વર્ષની બાળકની છેડતીની ચકચારી ઘટના બની હતી

સુરતઃ ઓલપાડ ખાતે સાત વર્ષીય બાળકી સાથે જાતીય સતામણી કરવાના કેસમાં યુવકને સ્પેશિયલ પોક્સો કોર્ટે ૧૦ વર્ષની સખ્ત કેદની સજા ફટકારી હતી. ઓલપાડ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ અનુસાર તા.૮-૪-૨૦૨૫ના રોજ ઓલપાડ ખાતે રહેતી ૭ વર્ષીય બાળકી ઘરની નીચે કોમ્પલેક્સના ગ્રાઉન્ડમાં ભાઈ સાથે રમતી હતી ત્યારે ૩૦ વર્ષીય પરિણીત યુવકે બાળકીને ચાલ તને કેળા ખાવા આપું તેમ કહીને રૂમમાં લઈ ગયો હતો. જ્યાં બાળકી સાથે જાતીય સતામણી કરી હતી. આ હરકતો અંગે બાળકીની માતાએ યુવક વિરુદ્ધ ઓલપાડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આરોપી સામે પોક્સો અને છેડતીનો ગુનો નોધીં કાયદેસરની કાર્યવાહી કરી હતી. આરોપી યુવક વિરુદ્ધ કોર્ટમા ચાજશીટ રજૂ કરી હતી. આ કેસની ન્યાયિક કાર્યવાહી પોક્સો કોર્ટમાં ચાલી હતી. સરકારી વકીલ ઉમેશ પાટીલે દલીલો કરી હતી. ફરિયાદ પક્ષ કેસ સાબિત કરવામાં સફળ થતાં કોર્ટે આરોપી યુવકને ૧૦ વર્ષની સખ્ત કેદની સજા અને કુલ ૧૮ હજારનો દંડ ફટકાર્યો હતો તેમજ ભોગ બનનાર બાળકીને ૧ લાખ વળતર ચૂકવવા પણ હુકમ કરાયો હતો.

# રત્નકલાકારના અંગદાનથી છને નવજીવન મળશે

**બ્રેઈન** ડેડ જાહેર થયેલા પરેશભાઈ કપુપરાનાં લીવર, કિડની, હાથ અને ચક્ષુઓનું દાન

સુરતઃ મૂળ ઉપલેટાના વતની અને હાલ સુરત શહેરના પુણાગામ સ્થિત ગીતાનગરમાં રહેતા ૪૩ વર્ષીય પરેશભાઈ કિશનભાઈ કપુપરા હીરાના કારખાનામાં રત્નકલાકાર તરીકે કાર્યરત હતા. ગત ૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સવારે કામ પર જતાં વખતે સોસાયટીના ગેટ પાસે અચાનક ચક્કર આવતા તેઓ બેભાન થઈ પડ્યા હતા. તેમને તાત્કાલિક ડાયમંડ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા, જ્યાં તબીબોએ મગજમાં હેમરેજ હોવાનું નિદાન કર્યું અને તાત્કાલિક સર્જરી હાથ ધરાઈ. સારવાર છતાં ૨૬ ફેબ્રુઆરીએ તબીબોએ તેમને બ્રેઈન ડેડ જાહેર કર્યા. આવી વિકટ પરિસ્થિતિમાં હોસ્પિટલ દ્વારા જીવનદીપ ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશન ટ્રસ્ટનો સંપર્ક સાધવામાં આવ્યો. ટ્રસ્ટના પ્રતિનિધિ વિપુલ તળાવિયાએ પરિવારને અંગદાનનું મહત્ત્વ સમજાવ્યું, જેના પગલે પરિવારજનોએ મહાન નિર્ણય લઈ પરેશભાઈના અંગદાન માટે સંમતિ આપી હતી.

# સરકારની SOPનું પાલન કરવા 228 માર્કેટને નોટિસ

સુરતઃ રાજ્ય સરકારની એસઓપી મુજબ ફાયર સેફ્ટી તથા બાંધકામના નિયમોનું પાલન ન કરનારા માર્કેટોને નોટિસ ફટકારવામાં આવી છે.

સુરત મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવેલી કાર્યવાહી અંતર્ગત લિંબાયત ઝોનમાં 94 અને સેન્ટ્રલ ઝોનમાં 134 માર્કેટને નોટિસ આપવામાં આવી છે. આમ કુલ 227 માર્કેટને નોટિસ ફટકારાતા વેપારીઓમાં ચકચાર મચી ગઈ છે. નોટિસમાં ખાસ કરીને ફાયર સેફ્ટી વ્યવસ્થાની અમલવારી, ઈમરજન્સી એક્ઝિટ, ફાયર ફાઈટિંગ સાધનોની ઉપલબ્ધતા તેમજ મંજૂર નકશા મુજબ બાંધકામના નિયમોનું કડક પાલન કરવા તાકીદ કરવામાં આવી છે.

# પુણામાં પર્સ સ્નેચિંગ કેસમાં આરોપીને સાત વર્ષની સજા ફટકારતી કોર્ટ

**નાસિકથી** બાળકો સાથે માતાના ઘરે દિવાળી કરવા આવતાં સ્નેચર્સ ભટકાયા હતા

સુરતઃ સાત વર્ષ પહેલાં માતાપિતાના ઘરે દિવાળી મનાવવા બાળકો સાથે આવેલી નાસિકની મહિલાનું પર્સ ઝૂંટવીને નાસી જનાર બે સ્નેચર પૈકી આરોપી આકીબને કોર્ટે સાત વર્ષની સજા અને દંડ ફટકાર્યો હતો. જ્યારે આરોપી શોએબખાનને પુરાવાના અભાવે નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો હતો. આ કેસની વિગત મુજબ નાસિક ખાતે રહેતા ફરિયાદી વર્ષાબેન સંજયભાઈ નિકમ તા.૨૮/૧૦/૨૦૧૯ના રોજ માતા-પિતાના ઘરે નવું વરસ મનાવવા માટે તેનાં બે બાળક સાથે સહરા દરવાજા ખાતે બસમાંથી ઊતરી ત્યાંથી રિક્ષામાં બેસી નણંદના ઘરે પુણાગામ જવા નીકળ્યાં હતાં. રિક્ષા આઈમાતા સર્કલ આગળથી પસાર થતી હતી, ત્યારે પાછળથી આવેલી એક સ્પોર્ટસ બાઈક સવાર પૈકી પાછળ બેઠેલાએ ફરિયાદીનું પર્સ ઝૂંટવી લીધું હતું અને તેઓ ભાગી ગયા હતા. આ પર્સમાં મંગળસૂત્ર (કિં.રૂ.૭૫,૦૦૦), મોબાઈલ ફોન તથા રોકડા રૂ.૨૦૦૦ હતા. આ બનાવ અંગે પુણા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાઈ હતી. ક્રાઈમ બ્રાંચ પોલીસે બંને સ્નેચર આકીબ ઉર્ફે માણસ ઈબ્રાહીમ ઉર્ફે ઈબા શેખ અને શોએબખાન રહીસખાન પઠાણ (રહે.,ભેસ્તાન આવાસ)ને ઝડપી પાડ્યા હતા. આ કેસમાં પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી હતી. આ કેસની સેશન્સ કોર્ટમાં ન્યાયિક કાર્યવાહી દરમિયાન ફરિયાદ પક્ષે સરકારી વકીલ એસ.કે.ગોહિલે રજૂઆત કરી હતી. બંને પક્ષની દલીલો-રજૂઆત સાંભળ્યા બાદ કોર્ટે આરોપી આકીબને સાત વર્ષની સજા ફટકારી હતી.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### હજીરાની કું.માં...

પર શ્રમિકોની લાંબી કતારો જોવા મળી હતી. આ બનાવમાં પોલીસે 20 લોકોની અટકાયત કરી છે. તેમની સામે કડક FIR નોંધીને આગળની કાર્યવાહી કરવામાં આવશે .અત્યાર સુધીમાં અમે પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે 70 થી વધુ ટીયર ગેસના સેલ છોડ્યા છે.

### DCP શેફાલી...

70થી વધુની અટકાયત કરી છે. આ ઉપરાંત 2000ના ટોળા સામે ગુનો નોંધ્યો છે.

### પેમેન્ટ ઓફ...

કોન્ટ્રાક્ટર સામે EPFO, ESI અને પેમેન્ટ ઓફ વેજિસ એક્ટ મુજબ તાત્કાલિક ફોજદારી કાર્યવાહી થવી જોઈએ.કારણ કે, તેઓના પોતાના નિવેદનમાં એવું જણાય છે કે, તેઓએ ગુજરાત સરકારના હયાત લેબર એક્ટ અને ફેક્ટરી એક્ટનું પાલન કર્યું નથી. સુરતના જિલ્લા કલેક્ટરે આ મામલામાં સીધી દાખલ આપી લાર્સન એન્ડ ટુબ્રો (L & T) ના સંચાલકો અને કોન્ટ્રાક્ટ આપનાર કંપની અને લેબર કોન્ટ્રાક્ટ લેનાર એજન્સીઓ સામે કેસ નોંધી ફોજદારી કાર્યવાહી કરવી જોઈએ.

### ધો. 12 ફિઝિક્સ...

સંપૂર્ણપણે NCERT પાઠ્યપુસ્તક આધારિત હતા. આમાંથી 22 પ્રશ્નો ગણતરી આધારિત હતા, જેમાંથી 3 થી 4 પ્રશ્નો માટે થોડી લાંબી ગણતરી કરવી પડી શકે તેવી હતી. બાકી 28 પ્રશ્નો શુદ્ધ સિદ્ધાંત આધારિત હતા, જેમાં સીધી માહિતી કે સંકલ્પના પરથી જવાબ મળી શકે તેવા હતા. વિદ્યાર્થીઓના જણાવ્યા મુજબ પાર્ટ-Aનો સમગ્ર વિભાગ એક કલાકમાં આરામથી પૂર્ણ કરી શકાય એવો રહ્યો હતો. ખાસ નોંધનીય બાબત એ રહી કે 18 પ્રશ્નો સીધા NCERTના દાખલાઓમાંથી પૂછાયા હતા, જ્યારે 6 પ્રશ્નો ગુજરાત બોર્ડની જૂની ટેક્સ્ટબુક પરથી લેવામાં આવ્યા હતા.

### પાર્ટ-B માં...

વર્ણનાત્મક પ્રકારના પ્રશ્નો રહ્યા હતા. ત્રણ ગુણના સેક્શનમાં માત્ર બે દાખલા પૂછાતા હોવાથી સામાન્ય વિદ્યાર્થીઓને સમય સંચાલનમાં મુશ્કેલી પડી શકે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. 4 થી 5 પ્રશ્નો લંબાઈમાં મોટા હતા, પરંતુ તેમાં વિકલ્પ ઉપલબ્ધ હોવાથી વિદ્યાર્થીઓએ પસંદગી મુજબ પ્રશ્નો છોડવાની તક મેળવી. બે ગુણમાં એક પ્રશ્ન વિદ્યાર્થીઓ માટે અનપેક્ષિત રહ્યો હોવાનું પણ પ્રતિસાદમાં સામે આવ્યું છે. તેમ છતાં, પૂછાયેલા તમામ દાખલા NCERT ટેક્સ્ટબુક આધારિત હોવાથી નિયમિત અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓને ખાસ મુશ્કેલી ન પડી હોય તેવી માન્યતા છે. દ્રષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે પૂછાયેલા પ્રશ્નો સામાન્ય વિદ્યાર્થીઓની સરખામણીએ થોડા સરળ રાખવામાં આવ્યા હતા, જેથી તેઓ આત્મવિશ્વાસ સાથે પરીક્ષા આપી શકે.

### અર્થશાસ્ત્રમાં...

હતું કે નિર્ધારિત સમયમર્યાદામાં તે સરળતાથી પૂર્ણ થઈ શકે. લાંબા અને ગૂંચવણભર્યા પ્રશ્નોની સંખ્યા ઓછી હોવાથી વિદ્યાર્થીઓને ઉતાવળ અનુભવવી પડી નહોતી. સમયનું યોગ્ય આયોજન કરી શકનાર વિદ્યાર્થીઓએ આરામથી પેપર લખ્યું હોવાનું જાણવા મળ્યું. MCQ અને VSQ પ્રકારના એક ગુણના પ્રશ્નો સીધા પાઠ્યપુસ્તક આધારિત અને સરળ હતા. મૂળભૂત સંકલ્પનાઓ સમજીને અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ માટે આ વિભાગ ખાસ કરીને લાભદાયક રહ્યો હતો. મોટા ભાગના વિદ્યાર્થીઓએ આ વિભાગમાં સંપૂર્ણ ગુણ મેળવવાની આશા વ્યક્ત કરી હતી. પ્રશ્નપત્ર સંપૂર્ણપણે પાઠ્યપુસ્તક આધારિત રહ્યું હતું. ઝીણવટપૂર્વક અને નિયમિત અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ માટે ૧૦૦માંથી ૧૦૦ ગુણ મેળવવાની પૂરતી સંભાવના હોવાનું શિક્ષકોનું માનવું છે. પ્રશ્નોની પસંદગી અને માળખું એવું હતું કે વિષયની સમજૂતી ચકાસે, પરંતુ અનાવશ્યક ગૂંચવણ ઊભી ન કરે. પેપરની સરળતા અને સ્પષ્ટતા નબળા વિદ્યાર્થીઓ માટે પણ સહાયક સાબિત થઈ હતી.

### હથોડામાં ગૌહત્યા...

15 પોલીસ ટીમે ગામમાં કોમ્બિંગ ઓપરેશન હાથ ધર્યું છે. આ કોમ્બિંગ દરમિયાન કેટલીક શંકાસ્પદ વ્યક્તિઓને ગામમાંથી ઝડપી તેમને વધુ પૂછપરછ માટે કોસંબા પોલીસ મથકે લઈ જવામાં આવી છે.સુરત જિલ્લાના કોસંબા પાસે આવેલા હથોડા ગામમાં ગૌહત્યાની બાતમીના આધારે ગઇકાલે પોલીસ જવાનો અને ગૌરક્ષકો ગામમાં ગયા હતા. આ દરમિયાન ત્યાં હાજર રહેલાં અસામાજિક તત્ત્વોએ તીક્ષ્ણ હથિયારો વડે હુમલો કર્યો હતો, જેમાં ગૌરક્ષક સત્યપ્રકાશ યાદવના માથાના ભાગે તલવારના ગંભીર ઘા વાગતાં તેમને તાત્કાલિક સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. આ હિંસક અથડામણમાં ઘાયલ થયેલા પોલીસ જવાનો હાલ કીમ-કોસંબાની હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. આ મામલે સુરત જિલ્લા પોલીસવડા રાજેશ ગઢિયાએ જણાવ્યું હતું કે રાત્રે દોઢથી બે વાગ્યાના ગાળામાં કોસંબાના હથોડા ગામમાં ગૌહત્યાની બાતમી મળતાં બાતમીદાર સાથે અમારો છ લોકોનો પોલીસ સ્ટાફ ગામમાં ગયો હતો. રાત્રે અંધારામાં બેટરીના અજવાળે અમારો સ્ટાફ સર્ચ કરતો હતો ત્યારે અચાનક છ જેટલા શખસ બે બાઇક લઇને આવ્યા હતા અને પોલીસ સ્ટાફ સાથે બોલાચાલી કરી હતી. એ બાદ તેમણે ફોન કરીને અન્ય 50 જેટલા શખસને બોલાવ્યા હતા. આ ટોળાએ રકઝક બાદ પોલીસ અને બાતમીદાર પર જીવલેણ હુમલો કર્યો હતો. ઇજાગ્રસ્તો હાલ સારવાર હેઠળ છે.

### સા ચા ગુનેગારોને...

આવ્યું તેને પકડવાનું શરૂ કર્યું હતું, જેમાં અનેક નિર્દોષ યુવાનો પણ સામેલ હતા. લોકોના વિરોધ બાદ પોલીસે પકડાયેલા લોકોમાંથી આશરે આઠ જણાને સાંજે મુક્ત કર્યા હતા. તેમ છતાં, ગ્રામજનોનો દાવો છે કે હજુ પણ પોલીસ કસ્ટડીમાં રહેલા કેટલાક લોકો નિર્દોષ છે. ગ્રામજનોએ માંગ કરી છે કે પોલીસે ટેકનિકલ પુરાવા અને તપાસના આધારે માત્ર સાચા ગુનેગારો સામે જ કાર્યવાહી કરવી જોઈએ અને નિર્દોષોને રંજાડવાનું બંધ કરવું જોઈએ.

### પોલીસ જાતે...

અસ્લમ માસ્ટર તથા (૫) ફૈઝલ ડાભલો ઉર્ફે ફૈઝલ પઠાણ તથા (૬) અનસ ઝીંણા રહે.હથોડા, સ્ટેશન ફળીયુ (૭) ઇરફાન અલાઉદીન મિર્ઝા રહે.હથોડા, સ્ટેશન ફળીયુ (૮) સગીર અહમદ રહે. હથોડા, કુંભાર ફળીયુ (૯) નાશીર મલેક રહે.હવેલી ફળીયુ, હથોડા (૧૦) રીયાઝ મકબુલ મીર્ઝા રહે.હથોડા તથા (૧૧) મોહમદ જાન તથા (૧૨) સાબીર ઉર્ફે ટેપા રીક્ષાવાળા તથા (૧૩)રફીક રહે.હથોડા (૧૪) સુફીયાન અલી રહે. ટેકરા ફળીયુ, હથોડા (૧૫) સાહબુદીન હુશૈન રહે.હથોડા (૧૬)મહમદ અબ્દુલ વાડીવાલા રહે.મોચી ફળીયુ, હથોડા (૧૭) શહલ સિરાજ રહે.હથોડા હવેલી ફળીયુ (૧૮) ઝુબેદ હક્ક રહે. નહેર ફળીયુ, હથોડા (૧૯) અકરમ મહમદ સરદાર રહે.હવેલી ફળીયુ, હથોડા (૨૦) અનશ ફાઝલ રહે. ઝુમ્મા મસ્જીદ ફળીયુ, હથોડા (૨૧) ઈમ્તીયાઝ યુસુફ રહે.હથોડા (૨૨) બીલાલ દેસાઈ રહે.કબસ્તાન ફળીયુ, હથોડા તથા (૨૩) મુનીર રહે. હથોડા તથા (૨૪) રીયાઝ મુસ્તાક ઉર્ફે બોબી રહે.હથોડા તથા (૨૫) મોહસીન અસરફ બોબી રહે.હથોડા (૨૬) મુનીરનો ભાઈ રહે.હથોડા (૨૭) ઝુનેદ દેસાઈ રહે.કોડા ફળીયુ, હથોડા (૨૮) યાકીબ અલ્તાફ રહે. પડાવીયા ફળીયુ, હથોડા (૨૯) તારીખ મિર્ઝા રહે.કોલી ફળીયુ, હથોડા (૩૦) નાશીર ઝાફર રહે. હથોડા હવેલી ફળીયુ (૩૧) હથોડા, રાજપુત ફળીયામા રહેતા સાઝીંદ અશરફ (૩૨) અકરમ ઐયુબ રહે.હથોડા, સુથાર ફળીયુ (૩૩) ઈમરાન યુસુફ રહે.હથોડા, હવેલી ફળીયુ (૩૪) સોહીલ વાલીયા રહે. મોચી ફળીયુ, હથોડા (૩૫) ઇરફાન મકબુલ ઝીણા રહે.સ્ટેશન ફળીયુ, હથોડા (૩૬) ઈસ્માઈલ મલેક, રહે.હવીલી ફળીયુ (૩૭) મહમદ ઝકરીયા પટેલ રહે.પટેલ ફળીયુ, હથોડા (૩૮) મોટર સાયકલ નં.GJ-19-86-7313 નો ચાલક જેના નામ સરનામાનો ખબર નથી (૩૯) એક નંબર પ્લેટ વગરની મોપેડનો ચાલક જેના નામ સરનામાની ખબર નથી (૪૦) મો.સા.નં-GJ-19-AQ-8538 નો ચાલક જેના નામ સરનામાની ખબર નથી (૪૧) GJ-19-BP-5625 નો ચાલક જેના નામ સરનામાની ખબર નથી તથા બીજા ૧૦ થી ૧૫ જેટલા ટોળાના અજાણ્યા ઈસમો જેના નામ-ઠામ ખબર નથી. આ લોકોનો સમાવેશ થાય છે.

### સુરતમાં તાપમાનમાં...

ઉનાળાની અસર ફરી વધતી જોવા મળી શકે છે. આગામી બે થી ત્રણ દિવસ દરમિયાન શહેરના વિવિધ વિસ્તારોમાં માવઠાની છૂટીછવાઈ અસર જોવા મળી શકે છે. હવામાનમાં થયેલા આ પરિવર્તનના કારણે આજે તાપમાનમાં ઘટાડો નોંધાયો હોવાનું માનવામાં આવી રહ્યું છે. ઉપરાંત, આગામી બે દિવસ ઝાકળ પડવાની પણ સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.